ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

જિલ્લામાં ફળપાકોનું ઉત્પાદન ૫,૭૮૮ મેટ્રિક ટન વધ્યું

જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં ફળ પાકોના વાવેતર વિસ્તારમાં ૩૫૫ હેક્ટરનો વધારો : કેરીના ઉત્પાદનમાં ગાંધીનગર અને લીંબુ ઉત્પાદનમાં માણસા મોખરે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં ફળ પાકોના વાવેતર વિસ્તારમાં ૩૫૫ હેક્ટરનો વધારો થયો છે. જિલ્લામાં ચાર વર્ષમાં ફળ પાકોનું ઉત્પાદન ૫,૭૮૮ મેટ્રિકટન જેટલું વધ્યુ છે. ફળ પાકોનું સૌથી વધુ વાવેતર ગાંધીનગર તાલુકામાં થતુ હોવાનું પણ ધ્યાને આવ્યું જયારે લીંબુના ઉત્પાદનમાં માણસા અને કેરીના ઉત્પાદનમાં ગાંધીનગર તાલુકો મોખરે હોવાનું પણ ધ્યાને આવ્યું છે. કૃષિ મહોત્સવની ઉજવણીના ફળ સ્વરૂપે જિલ્લામાં ફળોની ખેતીમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે.

કૃષિ મહોત્સવ થકી ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થયા છે. ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પર પરંપરાગત ખેત પેદાશમાંથી અન્ય ધાન્ય, રોકડિયા પાકો અને ફળોની ખેતી તરફ વળ્યા છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં ફળ પાકોના વાવેતર વિસ્તારમાં ૩૫૫ હેક્ટરનો વધારો થયો છે. તેમજ ફળ પાકોનું ઉત્પાદન ૫,૭૮૮ મેટ્રિક ટન વધ્યું છે. જેમાં પપૈયાના ઉત્પાદન ૪,૯૩૬ મેટ્રિક ટન, જામફળના ઉત્પાદનમાં ૮૦૭ અને લીંબુના ઉત્પાદનમાં ૭૭૦ મેટ્રિક ટનનો વધારો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લાના ખેડૂતોમાં કૃષિ મહોત્સવ થકી જાગૃતિ આવતા તેઓ પોતાની પરંપરાગત ખેતીમાંથી ફળ પાકોની ખેતી કરવાની દિશામાં

● અનુસંધાન પાન-૭ પર

આગ ઓકતી ગરમીએ બે મહિનામાં ૧૭૩ ગાંધીનગરાઓને બેભાન કરી દીધા

અસહ્ય ગરમીના લીધે જિલ્લામાંથી ૩૬ વ્યક્તિઓ ડીહાઈડ્રેશનનો શિકાર બન્યા : ગરમીના લીધે અન્ય ૪૦૦ વ્યક્તિઓની પણ તબિયત લથડી

ગાંધીનગર,તા.૨૭

રાજયમાં ગરમી પ્રકોપના લીધે જનજીવન આકુળ-વ્યાકુળ બની ગયું છે. આગ ઓકતી ગરમીએ જનજીવન પર ઘેરી અસર કરી છે. જયારે ગરમીના લીધે જનઆરોગ્ય ઉપર પણ વિપરીત અસર થઇ હોવાનું સ્પષ્ટ થયું છે. ગાંધીનગર જિલ્લામાં પણ અંગ દઝાડતી ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે. આકરી ગરમીની અસરથી નાગરિકો બેચેની અનુભવી રહ્યા છે. ઉનાળો આકરો બનતા શહેરીજનો અસહ્ય ગરમીના લીધે ડીહાઈડ્રેશન, ઝાડા-ઉલ્ટી સહીત અન્ય બીમારીઓના ભોગ બની રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

છેલ્લા બે મહિના દરમિયાન સમગ્ર રાજયમાં ૨૭ હજાર વ્યક્તિઓની હીટ-વેવના લીધે તબિયત લથડી છે. ગાંધીનગર જિલ્લામાં પણ અંગ દઝાડતી ગરમીએ છેલ્લા બે મહિનામાં ૧૭૩ ને બેભાન કરી દીધા હોવાનો ચોંકાવનારો આંકડો પ્રકાશમાં આવ્યો છે. આ ઉપરાંત ૩૬ વ્યક્તિઓ ડીહાઈડ્રેશનનો શિકાર બની હોવાનું ધ્યાને આવ્યું છે. તે ઉપરાંત ૫૩ વ્યક્તિઓને ગરમીએ ઉલટીનો શિકાર બનાવ્યા છે. આકરી ગરમીને કારણે રાજયભરમાં ૭૦૩૩ વ્યક્તિઓ બેભાન થઇ જવા પામ્યા હતા. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા લીધી હતી. ગુજરાતભરમાં હીટ સ્ટ્રોક સંબંધિત બીમારીઓના એપ્રિલ માસમાં ૧૩,૫૩૬ વ્યક્તિઓ અને ૨૬ જુન સુધીમાં ૧૩,૩૦૪ વ્યક્તિઓ ભોગ બન્યા છે. જયારે ગાંધીનગર જિલ્લામાં હીટ સ્ટ્રોક સંબંધિત બીમારીઓના એપ્રિલ માસમાં ૨૯૦ વ્યક્તિઓ અને ૨૬ જુન સુધીમાં ૩૧૭ વ્યક્તિઓ ભોગ બન્યા બાદ તેમણે ૧૦૮ની સેવાનો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

(તસવીર : દિપક જાની)

ગરમીથી બચવાનાં સુચનો

- સખત ગરમીમાં બને ત્યાં સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળો
- ગરમીમાં બહાર નીકળો તો સુતરાઉ લાંબા આખી બાયનાં કપડા પહેરવા જોઈએ.
- મોઢાથી પ્રવાહી પુરતા પ્રમાણમાં લેવું જોઈએ જેમાં સાદુ પાણી, લીંબુ, ઓઆરએસ અને છાસ, જ્યુસ વગેરેનો ઉપયોગ કરી શકાય.
- નાના બાળકો અને મોટી ઉંમરની વ્યક્તિઓને ગરમીમાં બહાર જવા ના દેવા જોઈએ.
- ગરમીની સેજ પણ અસર દેખાઈ તો તરત જ નજીકના દવાખાનામાં ડોક્ટરનો સંપર્ક કરવો.
- લુ લાગવાના ચિન્હો જણાય તો તરત જ ૧૦૮ને મદદ માટે કોલ કરવો જોઈએ.
- જે વ્યક્તિને લુ લાગી હોય એને ઠંડા વાતાવરણમાં રાખવો હીતાવહ છે.
- લુ લાગેલા વ્યક્તિને પ્રાથમિક ઉપચાર માટે ઠંડા પાણીનાં પોતા મુકી શકાય.
- આઈસ પેક જો હોય તો ઝાંગ અને બગલનાં ભાગમાં મુકવાથી શરીરનું ઉષ્ણતામાન તરત જ નીચું લાવી શકાય છે.
- લેબર વર્કરો જો તડકામાં કામ કરતા હોય તો દર ૨ કલાકે છાયડામાં ૧૫ થી ૨૦ મિનિટ આરામ લેવો જોઈએ.
- ગરમીની ઋતુમાં બજારૂ, ઉઘાડો ને વાસી ખોરાક ખાવાનું ટાળવુ જેથી ઝાડા ઉલ્ટી જેવી બિમારીથી બચી શકાય.

‘ગ’ માર્ગના નવીનીકરણનું કામ આરંભાયુ

૫ કરોડના ખર્ચે ‘ગ’ માર્ગને ચકાચક બનાવવાનું કામ ટુંકમાં પૂર્ણ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૭

શહેરના ‘ગ’ માર્ગને ચકાચક બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. ચાર વર્ષના અંતે ‘ગ’ માર્ગના નવીનીકરણનું કામ હાથ ધરાયું છે. મહાત્મા મંદિરને જોડતા ‘ગ’ માર્ગની પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ થશે.

શહેરમાં રસ્તા સુધારણા અને નવીનીકરણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. થોડા સમય અગાઉ વિવિધ માર્ગોના નવીનીકરણ માટે વિભાગ દ્વારા રૂ. ૩૬ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જૂના સેક્ટરોના એપ્રોચ રસ્તાઓ અને રીંગરોડને ચકાચક બનાવવાનું કામ પણ હાલ ચાલી રહ્યું છે. આ ઉપરાંત રોડ નં. ૧ તેમજ જી.ઈ.બી. થી સ્મશાન તરફના માર્ગનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. ત્યારે ચોમાસા પૂર્વે ‘ગ’ માર્ગના નવીનીકરણનું કામ પણ શરૂ કરી દેવાયું છે. ‘ગ’ માર્ગ આસપાસ સ્થિત નવવિકસિત વસાહતના લીધે આ માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકનું ભારણ વધી ગયું છે. જ્યારે આ માર્ગનું જોડાણ મહાત્મા મંદિર સાથે થતા હવે ટ્રાફિકની અવરજવર પણ વિશેષ રહે છે. ‘ગ’ માર્ગની સુધારણા માટે ચાર વર્ષના અંતે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. ‘ગ’ માર્ગને ચકાચક બનાવવા રૂ. ૫ કરોડનો ખર્ચ થશે. વરસાદના દિવસો નજીકમાં હોવાથી ટુંક સમયમાં કામ પૂર્ણ કરી દેવાશે.

પ્રિ-મોન્સુન પ્લાનીંગ અંગે તંત્રની ખાસ બેઠક

ગામના તલાટી-સરપંચોના સંપર્ક નંબરોની યાદી તૈયાર રાખવા કલેક્ટરની સૂચના : સંભવિત રોગચાળાને ડામવા સુવ્યવસ્થિત આયોજન થશે : રેસ્ક્યુ ટીમ તૈયાર કરાશે : ૧ જૂનથી કન્ટ્રોલરૂમ શરૂ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી ચોમાસાને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આજે પ્રિ-મોન્સુન પ્લાનીંગની બેઠક યોજવામાં આવી હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે ચારેય તાલુકાના ગામોના તલાટી સરપંચ તેમજ ગામના અગ્રણીઓનો સંપર્ક નંબરોની યાદી તૈયાર રાખવા ઉપરાંત ચાર જે.સી.બી. મશીન સ્ટેન્ડ બાય રાખવા પણ અધિકારીઓને સૂચના આપી હતી. આ સમયે મેલેરિયા અને ડેન્ગ્યુના રોગચાળા ડામવા પણ સુવ્યવસ્થિત આયોજન માટે તંત્રના અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. ચોમાસાને ધ્યાને લઈ આગામી તા. ૧ જૂનથી કંટ્રોલરૂમ પણ શરૂ કરી દેવાશે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, જિલ્લાના ચાર તાલુકાના મામલતદાર પાસે પોતાના તાલુકામાં સમાવિષ્ટ ગામના તલાટી, સરપંચ કે ગામના અગ્રણીના સંપર્ક નંબરની એક યાદી તૈયાર હોવી ખૂબ જ જરૂરી છે. તે ઉપરાંત દરેક તાલુકામાં પડેલ વરસાદના સાચા આંકડા મળી રહે તે માટે રેનગેઝ યોગ્ય રીતે કાર્યરત છે કે નહી તેની ચકાસણી ખાસ કરવાની રહેશે. તેમજ ચાર તાલુકામાં એક એક અને ગાંધીનગર શહેરમાં બે જે.સી.બી. સ્ટેન્ડ બાય રાખવા પણ સંભવિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. વન વિભાગ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

આગામી ૧૫ જૂન સુધીમાં દબાણો દૂર કરી દેવાશે

ચોમાસા પૂર્વે શહેરને દબાણમુક્ત કરવા ખાસ એક્શન પ્લાન ઘડાયો : રાત્રિ દરમિયાન વિશેષ ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી ચોમાસાને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં આજે પ્રિમોન્સુન પ્લાનીંગ અંગે બેઠક યોજવામાં આવી હતી. જેમાં જરૂરી તમામ તૈયારીઓ રાખવા જિલ્લા કલેક્ટરે તંત્રના અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. આ ઉપરાંત ચોમાસા પૂર્વે શહેરમાંથી દબાણો દૂર કરવા પણ વિશેષ અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે શહેરને દબાણમુક્ત કરવા રાત્રિ દરમ્યાન વિશેષ ઝૂંબેશ હાથ ધરાશે. જેમાં મહાત્મા મંદિર આસપાસના વિસ્તાર અને સ્વર્ણિમ પાર્કના બેલ્ટ આસપાસ સ્થિત દબાણો દૂર કરવામાં આવશે. આગામી તા. ૧૫ જૂન સુધીમાં શહેરના વિવિધ વિસ્તારમાં થયેલા દબાણોને દૂર કરવા પણ કલેક્ટરે અધિકારીઓને સૂચના આપી હતી.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવંગત આત્માને સુખ-શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લિ.

વિજય દરજી કલાવતી દરજી
રેશ્મા દરજી ઉત્સવ, ભૂમિ
સમસ્ત પરિવાર
સે.૩/સી, પ્લોટ નં. ૪૪૧/૨, ગાંધીનગર

સ્વ. અમૃતલાલ ધૂળાભાઈ દરજી
(નિવૃત્ત પેન્શન સમાજ)
સ્વ. તા. ૨૮/૫/૧૩ (સંકષ્ટ ચતુર્થી)

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮/૪, ઉદ્યોગ ભવન, સે.૧૧, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં રહેણાંક તથા વાણિજ્ય એકમો માટે ગટર કનેક્શન મેળવવા માટેની

જાહેર વિજ્ઞપ્તિ

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની ટી.પી. સ્કીમ નં. ૯, ૬ (સર્ધન ડ્રેઈનની પૂર્વ બાજુમાં વિસ્તાર) અને ૪ના વિસ્તારોમાં ગુડા દ્વારા ડ્રેનેજ લાઈનની કામગીરી પૂર્ણ થયેલ છે. જે અન્વયે આ વિસ્તારમાં સોસાયટી / ફ્લેટ / રોહાઉસ બંગલાઓ / કોમર્શીયલ / વ્યક્તિઓ દ્વારા ડ્રેનેજ કનેક્શનો મેળવવા માટે જરૂર આધાર પુરાવા સહિત સત્તામંડળની કચેરી ખાતે નિયત કરેલ ફોર્મમાં અરજી કરવા માટે ગુડા દ્વારા જાહેર સમાચાર પત્રોમાં જાહેર વિજ્ઞપ્તિ કરવામાં આવેલ હતી. પરંતુ ઘણી હાઉસીંગ સોસાયટીઓ, એપાર્ટમેન્ટ અને કોમર્શીયલ સેન્ટર દ્વારા હજુ સુધી નિયત નમુનામાં અરજી કરવામાં આવેલ નથી. જેથી ગુડાના ઉપરોક્ત વિસ્તારમાં આવતા બાંધકામોને ડ્રેઈનેજ કનેક્શન મેળવવા માટેની દિન-૧૫માં કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે. વધુમાં ઘણી સોસાયટી કે એપાર્ટમેન્ટ / કોમર્શીયલ સેન્ટર દ્વારા બિનઅધિકૃત રીતે આવું જોડાણ ગુડાની ડ્રેનેજ લાઈન સાથે કરી લીધેલ છે. જેથી વાસ્તવમાં આ બાબત ગંભીર અને ગુન્હાલાયક છે. જેથી આથી તમામ બિનઅધિકૃત જોડાણ જેઓએ કરેલ / કરાવેલ છે. તેઓને પણ આ જોડાણો જરૂરી જોડાણ ચાર્જ ભરી દિન-૧૫માં અધિકૃત કરાવી લેવા તાકિદ કરવામાં આવે છે. અન્યથા આવા જોડાણો અન્વયે જવાબદાર હોદ્દેદારો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે અને આવા બિનઅધિકૃત જોડાણો એપાર્ટમેન્ટ / સોસાયટી કે કોમર્શીયલ સેન્ટરના ખર્ચે અને જોખમે ગુડા દ્વારા દુર કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૬/૫/૨૦૧૪
Website : www.guda.gujarat.gov.in
માહિતી/૧૬૮/૧૪-૧૫

એસ્ટેટ ઓફીસર
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ,
ગાંધીનગર

મોદીના રાજ્યાભિષેકની ક્ષણો ગાંધીનગરમાં દિવાળી બની

નરેન્દ્ર મોદીના વડાપ્રધાન પદે શપથગ્રહણની શહેર ભાજપ દ્વારા ઘ-૪ સર્કલે ફટાકડા ફોડી અને ગુબ્બારા છોડીને ઉજવણી કરાઈ : કાર્યકરો ડીજેના તાલે ઝુમી ઉઠયા અને નગરજનોએ મીઠાઈ વહેંચી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના ભાજપ એકમ દ્વારા નરેન્દ્ર મોદીના વડાપ્રધાન પદે થયેલા રાજયાભિષેકને ઘ-૪ સર્કલે ફટાકડા ફોડીને તેમજ ગુબ્બારા છોડીને ડીજેના તાલે વધાવવામાં આવ્યો હતો. જો કે નરેન્દ્ર મોદીના શપથગ્રહણને સમગ્ર નગરમાં નાગરિકો દ્વારા પણ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો અને ઠેર ઠેર મીઠાઈઓ વહેંચવામાં આવી હતી.

નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે સાંજે ૬ વાગે જેવા વડાપ્રધાન પદે શપથ લીધા કે તુરંત જ ગાંધીનગરના મધ્યમાં આવેલ ઘ-૪ સર્કલે શહેરના ભાજપના આગેવાનો અને કાર્યકરોએ ફટાકડા ફોડીને તેમની ખુશાલી વ્યકત કરી હતી. આ સાથે આકાશમાં રંગબેરંગી ફુગ્ગાઓ છોડવામાં આવ્યા હતા અને કાર્યકરોએ ડીજે સંગીતના તાલે ઉત્સાહથી ડાન્સ કર્યો હતો. આ ઉજવણી દરમિયાન સમગ્ર માહોલ જાણે દિવાળી હોય તેવો બની ગયો હતો અને તમામ કાર્યકરો તેમજ હોદ્દેદારોએ એકબીજાને વધાઈ આપી હતી.

આ પ્રસંગે ભાજપના શહેર પ્રમુખ નિતીન પટેલ ઉપરાંત ગાંધીનગર મનપાના મેયર મહેન્દ્રસિંહ રાણા નગરપાલિકાના કોર્પોરેટર્સ સહિત સૌ કાર્યકરો ઉપસ્થિત

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

નવી માર્ગદર્શિકા મુજબ વિજ્ઞાન કોલેજોમાં પ્રવેશ

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં એડમિશન પ્રક્રિયા સરકારની ગાઈડ લાઈન મુજબ કરવામાં આવશે. આ માટે આગામી ગુરૂવાર સુધીમાં સુચના મળી જશે તેવું જાણવા મળ્યું છો. ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ કુલ ૯૪.૧૪ ટકા આવ્યું છે ત્યારે સાયન્સ કોલેજોમાં તમામ વિદ્યાર્થીઓને એડમિશન મળશે કે કેમ ? તે અંગે ઘણા વિદ્યાર્થીઓ ચિંતિત છે, પરંતુ સરકાર દ્વારા એડમિશનનનો મામલો હાથમાં લેવામાં આવ્યો છે અને આગામી ગુરૂવાર સુધીમાં નવી ગાઈડ લાઈન જાહેર થવાની છે ત્યારે આ વર્ષે પણ તમામ વિદ્યાર્થીઓને સાયન્સ કોલેજોમાં એડમિસન મળી જશે તેવો આશાવાદ કુલપતિએ વ્યક્ત કર્યો હતો.

વર્ષ ૨૦૧૩ સુધી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં યુનિવર્સિટીનાં સત્તાવાહકોની મનસુફી મુજબ એડમિશન આપવામાં આવતા હતા. કેટલીક સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં માળખાકીય સુવિધા ન હોવા છતાં ઘેટાં-બકરાની જેમ વિદ્યાર્થીઓને ભરી દેવાતા હતા. તેની અસર વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પડતી હતી. આ બાબતે ઉચ્ચ શિક્ષણ વિભાગને અનેક રજુઆતો પણ મળી હતી. વર્ષ ૨૦૧૪માં ધોરણ-૧૨ પાસ કરનાર સાયન્સના વિદ્યાર્થીને કોઈ અગવડતા ન પડે તેમજ મેરીટ મુજબ પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવાની જાહેરાત અગાઉ જ કરી દેવામાં આવી છે. પરંતુ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવી કે કેમ ? તે સહિતના નિર્ણય હજુ સુધી રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવ્યા નથી. પરંતુ મોડામાં મોડું આગામી ગુરૂવાર સુધી એડમિશન પ્રક્રિયા અંગેની ગાઈડ લાઈન યુનિવર્સિટીને મળી જશે. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવશે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ સાયન્સના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ૨૯મી મે સુધી નવી ગાઈડ લાઈન બહાર પડી જશે. અને આ તમામ માહિતી યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર ગુરૂવારે જ અપલોડ કરી દેવામાં આવશે અને તે મુજબ જ એડમિશન આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ ધારણાથી ઘણું ઉંચું આવ્યું છે.

આવતીકાલે કેશુબાપાના પગના ઘૂંટણનું ઓપરેશન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને કેટલાક સમયથી ઘૂંટણમાં

દુ:ખાવાને લઈ ચાલવામાં તકલીફ પડતી હતી. દુ:ખાવાને કારણે બાપા નરેન્દ્રભાઈ મોદીની શપથવિધિ સમારોહમાં હાજરી પણ આપી શક્યા નથી. બાપાના ઘૂંટણનુંઓપરેશન કરવામાં આવશે. કેશુભાઈ પટેલના ઘુંટણનું ઓપરેશન અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવશે. ઘૂંટણના દુ:ખાવો આનંદીબેન પટેલની શપથવિધિમાં પણ દેખાઈ આવતો હતો. શપથવિધિમાં કેશુબાપા માંડ-માંડ ચાલી શકતા હતા. અગાઉ પણ બાપાના એક પગમાં ઓપરેશન કરવામાં આવેલ છે. ત્યારે તા. ૨૯ના રોજ બાપાના બીજા પગના ઘૂંટણનું ઓપરેશન કરવામાં આવશે.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | R.FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com